ગટરમાં લાઈન આપનાર બે દુકાનદારોને નોટિસ ફટકારી

## કાલોલ બસ સ્ટેશન સામે ગટર ઉભરાઈ, ટોલ કમ્પની દ્વારા તાકીદે સમારકામ કરવામાં આવ્યુ

**હાઈવે** ઉપર ગંદા પાણીનું તળાવ ભરાઈ જતા અવરજવર કરતા વાહન ચાલકોને હેરાનગતિ





(પ્રતિનિધિ) કાલોલ, તા.23 કાલોલ બસ સ્ટેશન સામે હાઈવે ઉપર ગટર એકાએક ઉભરાતા ગંદા પાણી દુકાનોની આસપાસ ફરી વળ્યા હતા અને તીવ્ર દુર્ગંધ મારતી ગંદકી ને કારણે દુકાનદારો ને દુકાન પર બેસવું મુશ્કેલ બની ગયું હતું આજ રોજ સવારે એક દુકાનદાર પોતાનું વાહન પાર્ક કરતા હતા ત્યારે ગંદા પાણીમાં પડી જતા પગ ના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

ટોલ કમ્પનીનો સંપર્ક કરતા તાકીદે પોતાનું જેસીબી મોકલતા ગંદા પાણી નો નિકાલ થયો હતો મળતી માહિતી મુજબ બસ સ્ટેશન વિસ્તારના બે વેપારીઓએ પોતાની દુકાનની ગંદા પાણીની લાઈન હાઈવેની ગટરમાં બારોબાર આપી દેતા ટોલ કમ્પની દ્વારા બન્ને વેપારીઓને નોટિસ આપી હોવાનું જાણવા મળ્યુ છે. સરેઆમ હાઈવે ઉપર ગંદા પાણીનું તળાવ ભરાઈ જતા અવરજવર કરતા વાહન ચાલકો પણ પોતાના નાક આડે રૂમાલ મુકી પસાર થતા જોવાં મળ્યા હતા. ટોલ કમ્પની ના અધિકૃત અધિકારી દ્વારા તાત્કાલિક સફાઈ કામગીરી શરૂ કરી જવાબદાર સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી અને ગટરમાં ગેરકાયદેસર રીતે જોડેલ જોડેલ લાઈન નુ મુળ શોધવાની કવાયત શરૂ કરી છે.

કાલોલ નગરપાલિકાના પેન્શનરો દ્વારા રોષ વ્યક્ત કરાયો

## 9 માસના પેન્શન,મોંઘવારીના બાકી પડતા નાણા અંગે આવેદનપત્ર આપ્યું

રોકાયેલા નાણા સત્વરે પેન્શનરોને મળે તેવી માંગ કરાઇ



(પ્રતિનિધિ) કાલોલ, તા.23 કાલોલ નગરપાલિકા ના તમામ પેન્શનરો દ્વારા ચીફ ઓફિસર ને માહે જૂન 2025 થી માહે ફેબ્રુઆરી 2026 કુલ 9 માસના પેન્શન ના નાણાં ચૂકવવા બાબતે તથા મોંઘવારીના બાકી પડતા નાણા આપવા બાબતે એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું પેન્શન અરજી મુજબના નાણાં આજ દિન સુધી ન મળતા કુલ 46 રિટાયર્ડ પેન્શનરો ના પરિવારો ખૂબ જ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અગાઉ આટલા બધા મહિનાનું પેન્શન ચડતું ન હતું. નગરપાલિકાની રોજીંદી આવક અને વેરો ઉઘરાવાતો હતો વેરા માટે અગાઉ કડક વલણ અને દુકાનો ને સીલ મારવામાં આવતા હતા .

વિધવા પેન્શનર બહેનો સહિત તમામ પેન્શનરો આટલી કારમી મોંઘવારીમાં ઘરનું ભરણ પોષણ,ખર્ચ, માદગીઓનો ખર્ચ ,સામાજિક ખર્ચ કેવી રીતે ચૂકવતા હશે તે તો તેમનું મન જ જાણતું હશે આ પેન્શનરોને પોતાનું ઘર ચલાવવા ખૂબ જ મુશ્કેલી પડી રહી છે નગરમાં નવ માસથી પેન્શન ના આવતા અનાજ કરિયાણું ઉધાર પણ મળતું નથી આવી કફોડી હાલત આ પેન્શનરોની જોવા મળે છે

નગરપાલિકા કાલોલ ના ચીફ ઓફિસર સંજયભાઈ પટેલની તાજેતરમાં નિમણૂક થઈ છે.ચીફ ઓફિસરે પણ આ બાબતે યોગ્ય નિર્ણય ઘટતું કરવાના પક્ષમાં છે પણ આ બાબતે અભ્યાસ કરવો પડશે તેવું લાગી રહ્યું છે અને પ્રમુખ આ બાબતે યોગ્ય નિર્ણય લઈ પેન્શનરોના નાણા જલ્દી પેન્શનરોને મળે તેવી તજવીજ કરે એવી પેન્શનરોની માંગ છે

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,હાલોલ નગર દ્વારા વર્ષ પ્રતિપદા ઉત્સવ અંતર્ગત પથ સંચલન યોજાયું



(પ્રતિનિધિ) હાલોલ, તા.23 રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, હાલોલ નગર દ્વારા વર્ષ પ્રતિપદા ઉત્સવ -૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાલોલ નગરમાં શિસ્તબદ્ધ અને પ્રેરણાદાયક પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો પૂર્ણ ગણવેશમાં ઉપસ્થિત રહ્યા હતા.વિશેષરૂપે, આ પવિત્ર અવસરે પરમ પૂજનીય ભગવા ધ્વજના મહિમાનો પણ સ્મરણ કરવામાં આવ્યો. ભગવો ધ્વજ સંઘ માટે માત્ર એક પ્રતીક નથી, પરંતુ તે ત્યાગ, શૌર્ય, સંસ્કાર અને રાષ્ટ્રનિષ્ઠાનું જીવંત પ્રતિક છે.કાર્યક્રમનું આયોજન હાલોલ નગર કાર્યવાહ વિજયભાઈ ચંદકના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. પથ સંચલન દરમિયાન સંઘના શિસ્ત, એકતા અને રાષ્ટ્રીય ભાવનાનો સુંદર પરિચય જોવા મળ્યો. સાથે સાથે, ઘોષ (બેન્ડ) દ્વારા દેશભક્તિપૂર્ણ ધૂનો રજૂ કરવામાં આવી હતી.

જેને કારણે સમગ્ર વાતાવરણ ઉત્સાહપૂર્ણ બની ગયું હતું.આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે વિભાગ કાર્યવાહ જયંતભાઈ પટેલ હાજર રહ્યા હતા. તેમણે પોતાના માર્ગદર્શનસભર સંબોધનમાં વર્ષ પ્રતિપદાનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ સમજાવ્યું અને સમાજમાં એકતા, સંસ્કાર અને રાષ્ટ્રભાવના મજબૂત બનાવવાની પ્રેરણા આપી હતી.ઉત્સવ દરમિયાન સ્વયંસેવકો તથા નાગરિકોમાં રાષ્ટ્રીય ચેતનાનો સંદેશ પ્રસરી ગયો અને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

## પંચમહાલના અંતરિયાળ વિસ્તારના ગામોમાં વ્યસનમુક્તિ તેમજ અંધશ્રદ્ધા નાબુદી અભિયાન



શ્રી સ્વામિનારાયણ મંદિર, હરકુંડી તમેજ રાણીપુરાનો પાટોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.2 શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજના આશિર્વાદ સહ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્ગુરુ શાસ્ત્રી શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી સહિત સંતમંડળ દ્વારા પંચમહાલ અંતરિયાળ વિસ્તારના ગામોમાં વ્યસનમુક્તિ તેમજ અંધશ્રદ્ધા નાબુદી અભિયાન અંતર્ગત વિચરણ કાર્ય કર્યું હતું.

વ્યસનથી માનવીની જિંદગી બરબાદ થઈ જાય છે માટે તેનાથી દૂર રહેવા હાકલ કરી હતી. વધુમાં, શ્રી સ્વામિનારાયણ મંદિર, રાણીપુરાનો 15 મા વાર્ષિક પાટોત્સવ તેમજ હરકુંડીના 26 મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પણ સંસ્કાર સિંચન શિબિરનું પણ આયોજન કરાયું હતું.

નસવાડીના ખુશાલપુરા ગામે મેણ નદી ઉપર ઉધવન સિંચાઈ યોજનામાં ભ્રષ્ટાચાર

## 70 લાખ થી વધુના ખર્ચે પાઈપલાઈનો નાખવામાં આવી પણ પાણીનુ ટીપુંય પહોચ્યુ નહિ



(પ્રતિનિધિ) નસવાડી, તા.23 નસવાડી તાલુકાના ખુશાલપુરા ગામ પાસે મેણ નદી ઉપર ચેકડેમ બનાવવામાં આવ્યો હતો આ ચેકડેમ માં પાણી રોકવા માટે ની યોજના બનાવી ને ઉધવન સિંચાઈ યોજના હેઠળ ખુશાલપુરા, રાયપુર, ખંભાયતા, ઝરી, સિમેલ, લાવાકોઈ આ ગામોમાં સિંચાઈ માટે પાણી મળે તે માટે ખેતરો માં પાણીની લાઈન નાખવામાં આવી હતી જ્યારે 70 લાખ થી વધુનો ખર્ચ કરવામાં આવ્યો પરંતુ અધિકારીઓએ ચેકડેમ ની ઉપરવાસ ના ભાગ માં કાપ ભરાયો હતો તેને સાફ કરવાની યોજના અમલ માં ના મૂકી અને ચેકડેમ પાસે ચોમાસા માં પાણી ઓવરટેપિંગ થઈને નદી માં વહી જાય છે 70 લાખ રૂપિયા ના ખર્ચ પછી પણ ખેડૂતો ના ખેતરો માં એક પણ ટીપું પાણી ના પહોંચ્યું ખેડૂતો નો આક્ષેપ છે કે અધિકારીઓએ જે તે વખતે ચેકડેમ બનાવ્યો તે વખતે દરવાજા વાળો ચેકડેમ બનાવવાનો હતો અને ચોમાસા માં પાણી આવે ત્યારે પાણી નદી માં વહી જાય અને પાણી રોકવા માટે ચોમાસા ની છેલ્લી સિઝન માં દરવાજા લગાવવામાં આવતા તો પાણી રોકાઈ શક્યું હોત પાણી ના નિકાલ માટે ચેકડેમ ના દરવાજા ના મૂકવામાં આવતા ચેકડેમ ના બોડી વોલ સુધી કાપ ભરાઈ જતા હાલ નદી નો પટ્ટ ચેકડેમ ના લેવલમાં આવી જતા પાણી રોકાતું નથી અને ખેડૂતો ને સિંચાઈ માટે પાણી મળતું નથી સરકાર પ્રજાના ટેક્સ ના નાણા આ રીતના યોજનાઓ પાછળ ખર્ચ કરે છે

પરંતુ આયોજન કરતી વખતે પૂરતી સમીક્ષા ના કરાતા સરકારે ખર્ચેલા નાણા વ્યર્થ સાબિત થયા છે આ વિસ્તારો માં નર્મદાનુ સિંચાઈ નું પાણી પણ મળતું નથી ખેડૂતો નદી કિનારે ખેતી ધરાવતા હોવા છતાંય સિંચાઈ માટે પાણી ના મળતા ખેડૂતોમાં રોષ છે.

અંતરિક્ષ ક્ષેત્રે ભારતની સ્પેસ સફરની ગાથા જાણી

## છોટાઉદેપુરના 130 આદિજાતિ વિદ્યાર્થીઓએ 'ઈસરો'ની મુલાકાતે



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.22 છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે પ્રાયોજના વહીવટદાર કચેરી, છોટાઉદેપુર દ્વારા એક વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લાના ૧૩૦ વિદ્યાર્થીઓને અમદાવાદ સ્થિત ઈસરોના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) ની મુલાકાત કરાવવામાં આવી હતી. પ્રાયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ ઈસરો અમદાવાદ સાથેના સંકલન કરીને તા.૧૨,૧૩ અને ૧૭ માર્ચના રોજ કુલ ૪ બેચમાં પ્રેરણાદાયી મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ રીતે ભારતના અવકાશ સંશોધનો અને વૈજ્ઞાનિક સિદ્ધિઓને નિહાળી હતી.

ઈસરોના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને અત્યંત સરળ ભાષામાં અવકાશ વિજ્ઞાન, ઉપગ્રહ ટેક્નોલોજી (Satellite Technology) અને રોકેટ લોન્ચિંગની પ્રક્રિયા અંગે સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. વિવિધ પ્રદર્શનો અને પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓએ ભારતની સ્પેસ સફરની ગાથા જાણી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે અભિરુચિ કેળવવાનો છે. આ પહેલોથી વિદ્યાર્થીઓમાં તાર્કિક વિચારશક્તિ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસશે, જે તેમને ભવિષ્યમાં આ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટે પ્રેરણા પૂરી પાડશે.

તંત્ર દ્વારા આજદિન સુધી કોઇ કામગીરી થઇ નથી

## નસવાડીના વાડીયા થી પોચંબા માર્ગ પર ધોવાયેલો કોઝવે બનાવવા માંગ



(પ્રતિનિધિ) નસવાડી, તા.22 નસવાડી તાલુકાના વાડીયા થી પોચંબા નો ટૂંકો રસ્તો બનાવવા માટે પંચાયત માર્ગ મકાન વિભાગ એ પોચંબા તરફ થી બે કિલોમીટર નો માર્ગ વાડીયા ગામ ના છેડા સુધી બનાવ્યો પરંતુ મુખ્ય હાઈવે ના માર્ગ સુધી વચ્ચે આ આવતો લો લેવલ નો કોઝ વે અને એક કિલોમીટર નો કાચો રસ્તો બનાવવા માટે પંચાયત માર્ગ મકાન વિભાગ એ ચાર વખત સર્વે કર્યું છે હાલ તો વાડિયા ગામ પાસે આવેલ લો લેવલ ના કોઝ છે તેના ઉપર ચોમાસા અશ્વિન નદી ના પાણી ફરી વળે છે તો બે બે દિવસ સુધી વાડીયા ગામમાં જવાતું નથી જ્યારે છેલ્લા કેટલાય વર્ષો થી ગ્રામજનો આ રસ્તા ની અને પુલ ની માંગ કરી રહ્યા છે પરંતુ અધિકારીઓ અને નેતાઓ પુલ અને રસ્તો બનાવી આપતા નથી જેને લઈને ગ્રામજનો ને મુશ્કેલી વેઠવી પડે છે હાલ તો ગ્રામજનો ની રસ્તા અને પુલ ની માંગણી નહીં સંતોષાય તો તાલુકા અને જિલ્લા પંચાયત ની ચૂંટણીઓ માં રાજકીય પાર્ટીઓને સબક સિખાડવા માટે નક્કી કર્યું છે હાલ તો લોકો વર્ષો થી કઠિનાઈ ભોગવવી રહ્યા છે માટે સરકાર પણ આના તરફ ધ્યાન આપે તે જરૂરી બન્યું છે.

## સિંગવડ તાલુકા ખાતે વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે રેલી યોજી જાગૃતિ ફેલાવાઇ



**સિંગવડ :** સિંગવડ તાલુકા ખાતે જિલ્લા ક્ષય અધિકારી ડૉ આર ડી પહાડિયા ના માર્ગદર્શન હેઠળ અને સિંગવડ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ જીતેન્દ્ર મુનિયા ના સંપરામર્શમાં રહીને "વિશ્વ ક્ષય દિવસ" નિમિતે આજે માઈક પ્રચાર અને પત્રિકા વિતરણ સાથે સિંગવડ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી રેલીનું આયોજન કરવામાં આવ્યું જે રેલી સીંગવડ નગરના પોલીસ સ્ટેશન થઈ પરત સામૂહિક આરોગ્ય કેન્દ્ર સિંગવડ ખાતે પહોંચી હતી જેમાં તાલુકાના STS, STLS, એમ.પી.એચ.ડબલ્યુ અને CHO એ હાજર રહ્યા હતા. સાથે સાથે M.p.h.s. ભાઈઓ પણ હાજર રહ્યા હતા જ્યારે બધા જ આરોગ્ય કર્મચારીઓ દ્વારા ટી. બી હરેગા દેશ જીતેગા ના સૂત્રોચાર સાથે રેલી કાઢી લોકોને ઉજાગર કરવામાં આવ્યા હતા

મોરવા હડફના 15થી વધુ ગામોને નેશનલ હાઈવે સાથે સીધું જોડાણ મળતા 40 કિલોમીટરનો ફેરો ઘટશે

## પંચમહાલમાં 14 કરોડના ખર્ચે પાનમ નદી પર બનેલા પુલનું રાજયકક્ષાના મંત્રી રમેશભાઈ કટારાના હસ્તે લોકાર્પણ



(પ્રતિનિધિ) ગોધરા, તા.23 પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં વિકાસના કામોને વધુ ગતિ આપતા મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ કટારાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. મેરપ અને સાલિયા ગામ વચ્ચે પાનમ નદી પર અંદાજિત 14 કરોડના ખર્ચે તૈયાર થયેલા આ 260 મીટર લાંબા પુલ અને એપ્રોચ રોડના કારણે સ્થાનિકોની વર્ષો જૂની માંગણી સંતોષાઈ છે. આ પ્રસંગે લોકસભાના સાંસદ રાજપાલસિંહ જાદવ અને ધારાસભ્ય નિમિષાબેન સુથાર સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ નવનિર્મિત પુલ કાર્યરત થવાથી ગોધરા તાલુકા અને દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના 15થી વધુ ગામોને હવે નેશનલ હાઈવે સાથે સીધું જોડાણ મળ્યું છે. અગાઉ પાનમ નદી પર પુલની સુવિધા ન હોવાને કારણે ગ્રામજનોએ આરોગ્ય, શિક્ષણ અને અન્ય પ્રાથમિક જરૂરિયાતો માટે આશરે 40 કિલોમીટરનો લાંબો ફેરો કરવો પડતો હતો. હવે આ અંતર ઘટવાથી લોકોના સમય અને ઈંધણની મોટી બચત થશે. વિસ્તારના વેપારના હબ ગણાતા સંતરોડ ગામ સાથે પણ હવે સરળ સંપર્ક પ્રસ્થાપિત થયો છે જેનાથી સ્થાનિક રોજગારી અને વેપાર ક્ષેત્રે પ્રગતિના નવા દ્વાર ખુલશે. લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન મંત્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે, આ પુલ પ્રગતિના રસ્તાઓને જોડવાનું કામ કરશે અને લોકોના જીવનમાં સુવિધા તેમજ સમૃદ્ધિનો નવો અધ્યાય શરૂ કરશે. આ અવસરે પૂર્વ જિલ્લા પ્રમુખ રેણુકાબેન ડાયરા, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. લાંબા સમયની પ્રતિક્ષા બાદ પુલનું નિર્માણ થતા પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સાધલીમાં 20હજારનો મળેલો મોબાઈલ મૂળ માલિકને પરત આપ્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.22 આજના સમયમાં પ્રામાણિકતા અને ઈમાનદારીના દાખલા ઓછા જોવા મળે છે, ત્યારે સાધલી ગામના યુવાને પ્રામાણિકતાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. માહિતી મુજબ શિનોર તાલુકાના સાધલી ગામે રહેતા ગુલામ મુસ્તફા ખત્રી દવાખાના સામે આવેલ પોતાની દુકાન પર બેઠા હતા ત્યારે મુખ્ય માર્ગ પર તેમને એક મોબાઈલ પડેલો જોવા મળ્યો હતો. આ સમયે ગુલામ મુસ્તફા ખત્રીએ તેમને પોતાની દુકાન પર આવવા જણાવ્યું. ગિરીશ વસાવા દુકાન પર પહોંચ્યા બાદ જરૂરી પુષ્ટિ કર્યા પછી ગુલામ મુસ્તફા ખત્રીએ તેમને મોબાઈલ પરત આપ્યો હતો.



ધારાસભ્ય નિમિષાબેન સુથારના પ્રયાસો સફળ

## મોરવા હડફ-અમદાવાદ નવી એસ.ટી. બસ સેવાનો શુભારંભ




(પ્રતિનિધિ) ગોધરા, તા.22 ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા મોરવા હડફથી અમદાવાદ માટેની નવી એસ.ટી. બસ સેવાની ભેટ આપવામાં આવી છે. મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથારે મોરા બસ સ્ટેશન ખાતેથી આ નવીન બસને લીલી ઝંડી બતાવીને તેનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં એસ.ટી. નિગમના અધિકારીઓ, સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

આ નવી સુવિધાથી તાલુકાના છેવાડાના વિસ્તારોમાંથી આવતા મુસાફરોની અમદાવાદ સુધીની યાત્રા હવે સીધી, વધુ સુવિધાયુક્ત અને આરામદાયક બની છે.

અગાઉ સુલિયાત, મોરા અને મોરવા હડફ જેવા ગ્રામ્ય વિસ્તારોના લોકોને ગોધરા અને ત્યાંથી આગળ અમદાવાદ જવા માટે વાહન બદલીને તૂટક-તૂટક મુસાફરી કરવી પડતી હતી. લોકોને પડતી આ પારાવાર મુશ્કેલીઓનો હવે કાયમી અંત આવ્યો છે. આ નવી બસ મોરાથી ઉપડીને અમદાવાદ જશે. આ બસ સીધી શરૂ થતાં મુસાફરોના સમય અને નાણાંની બચત થશે.